આદર્શ નિવાસી શાળા(કન્યા), નડિયાદને

રદ કરવા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: સકછ/૧૦૧૮/૫૫૪૩૯૨-૨૦૩૧/ગ

સચિવાલય, ગાંધીનગર

તા.૦૩/૦૨/૨૦૨૦

વંચાણમાં લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૨/૧૦/૨૦૦૯નો ઠરાવ ક્રમાંક: પવછ-૧૦૨૦૦૮-નબા-૧૨-ગ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૮/૦૭/૨૦૧૫નો પત્ર ક્રમાંક: અનશ-૧૦૧૪-૪૨૬૭૮૨-ગ

(૩) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૧૦/૦૧/૨૦૧૯નો પત્ર ક્રમાંક: અ.જા.ક./મકમ/૪/૧૩૯/૨૦૧૯/ક

આ મુ ખ :

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) સામેના વિભાગના તા.૨૨/૧૦/૨૦૦૯ના ઠરાવથી અનુસૂચિત જાતિની કન્યાઓ માટે ત્રણ આદર્શ નિવાસી શાળાઓ નડિયાદ, આણંદ અને પાલનપુર ખાતે શરૂ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. પરંતુ આ ત્રણ આદર્શ નિવાસી શાળાઓ પૈકી નડિયાદ ખાતેની આદર્શ નિવાસી શાળા શરૂ કરવા માટે કોઇ ખર્ચ કરેલ ન હોઇ વંચાણે લીધેલ ક્રમાંક: (૨) સામેના વિભાગના તા.૦૮/૦૭/૨૦૧૫ના પત્રથી આ બાબત રદ થયેલ ગણાય તેમ જણાવેલ હતું. ત્યાર બાદ વંચાણે લીધેલ ક્રમાંક: (૩) સામેના નિયામકશ્રી(અજાક)ના તા.૧૦/૦૧/૨૦૧૯ના પત્રથી આદર્શ નિવાસી શાળા, નડિયાદની કુલ-૧૧ જગ્યાઓ રદ કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠ રા વ:

પુખ્ત વિચારણાને અંતે આદર્શ નિવાસી શાળા, નડિયાદની નવી બાબત સને ૨૦૦૯-૧૦ના વર્ષમાં રજૂ કરેલ હોઇ તેમજ ત્યારબાદ આદર્શ નિવાસી શાળા, નડિયાદ ખાતે શરૂ થયેલ ન હોઇ આદર્શ નિવાસી શાળા, નડિયાદને રદ કરવાનું તેમજ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના

તા.૧૦/૦૧/૧૯ના પત્રમાં નિર્દિષ્ટ આદર્શ નિવાસી શાળા, નડિયાદની આચાર્ય, વર્ગ-૨ની કુલ-૦૧(એક) જગા અને અન્ય શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફની કુલ-૧૦ જગાઓ મળી કુલ-૧૧ જગાઓ રદ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૩/૦૧/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ આર. બલદાણિયા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી,
  અનુસૂચિત જાતિ કલ્યાણ,
  ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:</u>

- અગ્રસચિવશ્રી(ક.ગ.)ના અંગત મદદનીશશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ) ના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(જ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ-૨૦૨૦